R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 52 DATE: 28-12-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ઝારખંડમાંથી જનમત એનડીએ વિરુધ્ધમાં ગયો : જેએમએમ-કોગ્રેસની સરકાર બનશે

ઝારખંડ વિધાનસભાની ૮૧ સીટ માટે યોજાયેલી ચુંટણીના પરિણામો જાહેર થતાં જનમત એનડીએની વિરુધ્ધમાં ગયો છે. જેમાં ઝારખંડ મુક્તિ મોરચો,કોગ્રેસ અને આરજેડીના ગઠબંધનને ૮૧ સીટો પૈકીમાં ૪૭ સીટો પર સ્પષ્ટ બહુમતી મળી છે. જેમાં જેએમએમને ૩૦,કોગ્રેસને ૧૬ અને આરજેડીને ૧ સીટ મળી છે. રાજયમાં સરકાર રચવા માટે ૪૧ સીટોની બહુમતી હોવી જરુરી છે. આમ ત્રણેય મિશ્ર પક્ષોને સરકાર રચવાનો મોકો મળશે.ભાજપ માટે આ પરિણામો આંચકાજનક છે. ભાજપને માત્ર ૨૫ સીટો મળી છે.હવે જેએમએમના નેતા હેમંત સોરેન મુખ્યમંત્રી બનશે તે નક્કી છે. ભાજપ માટે આઘાતની પળો છે. કારણકે ૩૭૦ કલમની નાબુદી,મંદિર તરફેણમાં ચુકાદો, નાગરિક સંશોધન બિલ વિગેરે મુદ્દાઓ તેમની તરફેણમાં મતદાન લાવ્યા નથી. જેએમએમ અને કોગ્રેસ ગઠબંધને મેદાન માર્યુ છે. જો કે ભુતકાળમાં નરસિંહા રાવે શિબુ સોરેનના ટેકાથી પાંચ વર્ષ સુધી કેન્દ્રની સરકાર ચલાવી હતી.હેમંત સોરેન તેમના પુત્ર છે. જે હવે ઝારખંડની ગાદી સંભાળશે તે નક્કી છે.ધીમે ધીમે જે રાજયોમાં ભાજપની સત્તા હતી ત્યાં તબક્કા વાર જુવાળમાં ઓટ આવી રહી છે અને સત્તા સરકી રહી છે. ભાજપ પહેલા સમગ્ર દેશમાં કેસરીયો રંગ ફેલાવવા આતરુ હતું અને કોગ્રેસનો સફાયો કરવા આતુર હતું હવે તેમની જાજમ ખસકી રહી હોય તેવું દેખાઈ રહ્યું છે. દેશભરમાં તેમના વિરુધ્ધ જનમત ઉભો થઈ રહ્યો છે. આર્થિક રેલગાડી પાટી પરથી ઉતરી ગઈ છે.

મોઘવારીનો આંક ઉચોને ઉંચો જઈ રહ્યો છે. ગરીબો માટેની કસ્તુરી અને રોટલો મોંઘો થઈ ગયો છે. નાના-મધ્યમ અને મોટા ઉદ્યોગો ભારે મંદી અને આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યા છે.બેરોજગારી અને મોંઘવારીએ લોકોની કમર તોડી નાંખી છે. ક્યાં સુધી અચ્છે દિન માટે લોકો રાહ જોશે. વચનોની હેલીઓ સુકાઈ ગઈ છે. અને હવે તેનું પરિણામ દેખાવા લાગ્યું છે. અન્ય રાજ્યોમાં તેની અસરો ઉભરી રહી છે.

## રોજગારમાં ઘટાડો અને રોકડની તંગી આર્થિક વિકાસને નબળો પાડવામાં કારણભુત : નબળા ઘરેલું વેચાણને કારણે આર્થિક વિકાસને બ્રેક : મુડીઝ


વૈશ્વિક રેટીંગ એજન્સી મુડીઝ ઈન્વેસ્ટર્સ સર્વીસે માર્ચ ૨૦૨૦માં પુરા થનારા વર્તમાન નાણાંકીય વર્ષ માટે ભારતનો સરેરાશ ઘરેલુ ઉત્પાદન એટલે જીડીપી દરનો અનુમાન પહેલાં ૫.૮ ટકાથી ઘટાડીને ૪.૯ ટકા કરી દીધો છે. મુડીઝ ઈન્વેસ્ટર્સ સર્વીસે એક રિપોર્ટમાં કહ્યુ છે કે આર્થિક વિકાસને નબળો કરવામાં ગ્રામીણ વિસ્તારમાં નાણાંકીય સમસ્યા ઉભી થઈ છે. રોજગાર ઓછા પેદા થયા છે. અને રોકડની તંગી જેવા કારણોથી નબળા ઘરેલુ ઉત્પાદનને પગલે આ સ્થિતિ પેદા થઈ છે.મુડીઝના સહાયક ઉપાધ્યક્ષ દેબરાહ તાને કહ્યુ છે કે એક સમયે જે રોકાણ આધારિત સુસ્તી હતી તે હવે ફેલાઈ જઈને વેચાણમાં ઘટાડાવાળી અર્થવ્યવસ્થા બની ગઈ છે. કૃષિક્ષેત્રમાં શ્રમિકોના વેતનમાં વધારો પણ નબળી પડતી જમીન અને શ્રમ ક્ષેત્રના જટીલ કાયદાને પગલે રોજગાર ઓછા પેદા થઈ રહ્યા છે.રિપોર્ટમાં એવુ પણ કહેવાયું છે કે ઘરેલું ખરીદી ભારતીય અર્થવ્યવસ્થાની વિકાસની કરોડરજ્જુ રહી છે.વર્ષ ૨૦૧૮-૨૯ની જીડીપીમાં આ ક્ષેત્રનો હિસ્સો ૫૭ ટકા રહ્યો છે. ભારતીય અર્થ વ્યવસ્થાનો વિકાસદર વર્તમાન નાણાંકીય વર્ષની બીજી ત્રીમાસિકીમાં ૪.૫ ટકા રહ્યો છે.રિપોર્ટમાં એવું કહેવાયું છે કે ગેર બેન્કીંગ આર્થિક સંસ્થાઓમાં લોન સંકટથી આ સુસ્તી વધુ ઘેરી બની છે.

સિંગાપોરની આર્થિક સેવા પ્રદાતા કંપનીએ ડીબીએસ બેન્કીંગ સમુહે વર્તમાન નાણાંકીય વર્ષ માટે ભારતનો આર્થિક વિકાસદરનું અનુમાન ૫.૫ ટકાથી ઘટાડીને પાંચ ટકા કર્યો છે.સમુહનું કહેવું છે કે ભારતીય અર્થવ્યવસ્થામાં સુધારાની ગતિ ધીમી રહેવાનું અનુમાન છે. ટીબીએસે પોતાના અહેવાલમાં કહ્યુ છે કે આ વર્ષ ભારતીય અર્થવ્યવસ્થા પર આર્થી ગતિવિધિઓમાં ઝડપથી ઘટાડો તથા આર્થિ ક્ષેત્રમાં ઉભા થયેલા પડકારો પ્રબાવી થયા છે.

## જામીયા યુનીવરસીટીની ઘટના જલિયાવાળા બાગ જેવી હતી : ઉધ્ધવ ઠાકરે

નાગરિક સંશોધન કાયદા અંગે દેશભરમાં ચાલી રહેલા વિરોધમાં હવે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે પણ સુર પુરાવ્યો છે. ઠાકરેએ કેન્દ્રની સરકારને સલાહ આપી છે કે સરકાર વિદ્યાર્થીઓ સાથે જે કંઈ કરે છે તે ન કરવું જોઈએ. ઠાકરેએ જામીયા યુની.માં થયેલી હિંસા માટે પોલીસની નિંદા કરી હતી અને કહ્યુ હતું કે કેમ્પસમાં જે કંઈ બન્યું તે જલિયાવાળા બાગ જેવું હતું, જે ન બનવું જોઈએ.

ઉલ્લેખનીય` કે દિલ્હીમાં જામીયા મીલીયા ઈસ્લામીયા યુની.ના વિસ્તારમાં હિંસા,આગચંપી અને તોડફોડના મામલે પોલીસ ૧૦ લોકોની ધરપકડ કરી છે. તેમાંથી કોઈ વિદ્યાર્થી નથી. સંશોધિત નાગરિકતા કાયદા વિરુધ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન ન્યુ ફ્રેડ્સ કોલોનીમાં અસામાજિક તત્વોએ હંગામો મચાવ્યો હતો. ઉદવ ઠાકરેએ કહ્યુ હતું કે વિદ્યાથી યુવા બોમ્બ છે એવામાં અમે કેન્દ્ર સરકારને અનુરોધ કરીએ છીએ કે તેઓ વિદ્યાર્થી સાથે જે કંઈ કરી રહ્યા છે તે ન કરે.



ઉધ્ધવ ઠાકરેના આ નિવેદન અંગે મહારાષ્ટ્રના પુર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કહ્યુ હતું કે શિવસેના દ્વારા તમામ શહીદોનું આ સૌથી મોટું અપમાન છે.

જો કે જામીયા કેમ્પસમાં જે બર્બરતા અપનાવાઈ હતી તે બાબતે શાસક પક્ષે કોઈ નિવેદન કર્યા નથી ઉલટાનું વિદ્યાર્થીઓને ગુનેગાર સાબિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરિણામે આખા દેશમાં આ વિરોધ વ્યાપક પ્રમાણમાં ફેલાઈ ગયો છે.



**Merry Christmas and Happy New year**

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

૨૦૧૯નું વર્ષ સમાપ્તિના આરે આવીને ઉભુ છે. ગત વર્ષોમાં અનેક સારા નરસા પ્રસંગો બન્યા. કેટલાક અંગત મિત્રો,સ્નેહીઓ અમોને છોડી પરલોક સિધાવી ગયા. આજે વર્ષના અંતે તે સહુને યાદ કરતાં આપણું હૃદય ગ્લાનિ અનુભવે છે. જેમાંના કેટલાક ખાસ મિત્રો પૈકી જોસેફ મેકવાન, ફાધર વિલિયમ જેવા આ ફાની દુનિયા ત્યજીને ચાલ્યા ગયા.તેમના પ્રયત્નો અને દિશાસુચનોથી અનેક વાર નવી તરાહ મળી છે. મોભીઓ સમાજનું ગૌરવ હતા તેઓનું પ્રદાન સમાજ ક્યારે પણ ભુલી શકે તેમ નથી. કયારેક એવું ભાસે છે કે વૈચારિક રીતે સમાજમાં વાંઝીયાપણુ ઉભુ થયું છે. જ્યારે લોકશાહી ખતરામાં છે ત્યારે આવા નીડર અને પ્રખર વૈચારિક વકતાઓની તાતી જરુરીયાત છે ત્યારે તેઓ આપણી વચ્ચે નથી. ખેર, સમાજે આજે તેના માટે ભારે તૈયારી દાખવવી પડશે. દેશની લોકશાહી અરાજકતાની આંધી વચ્ચે ઘેરાયેલી છે.કોમવાદી અને મનુવાદી વિચારધારાઓએ જે પકડ ઉભી કરી છે તેને પડકારવા માટે હજુ પણ લોકશાહી મુલ્યોનું જતન કરનારાઓની ખોટ સાલે છે. સહુને નાતાલની પ્રેમી સલામ


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬





## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# અમેરિકાના પ્રમુખે પોતાની સામે મહાભિયોગની કાર્યવાહીને ખોટી ઠેરવી : મારા નેતૃત્વમાં દેશ સારી રહી ચાલી રહ્યો હોવાથી કાર્યવાહી ચલાવવી અયોગ્ય છે :ડોનાલ્ડ ટ્રમ્પ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની સામે મહાભિયોગની કાર્યવાહી ચલાવવા માટે ડેમોક્રેટ સાંસદોએ આપેલી મંજુરી સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.તેમણે દાવો કર્યો હતો કે મે કશું ખોટું કર્યુ નથી.આથી મારી સામે મહાભિયોગની કાર્યવાહી આગળ ચલાવવાનું તદ્દ્ન અયોગ્ય છે. મને બલિનો બકરો બનાવવામાં આવ્યો છે.મારા નેતૃત્વમાં દેશ સારી રીતે ચાલી રહ્યો છે. ટ્રમ્પ સામે આરોપ લગાવાયો હતો કે તેમણે ૨૦૨૦ની રાષ્ટ્રપતિની ચુંટણીમાં સંભવિત હરીફ જો બિડેન સહિત તેમના હરિફોની પ્રતિષ્ઠા ખરડવામાટે રશિયા અને યુક્રેન પાસે મદદ માંગી હતી.

અમેરિકાની પ્રતિનિધિ સભામાં ડેમોક્રેટીક પાર્ટીની બહુમતી છે. પ્રતિનિધિ સભામાં મહાભિયોગની કામગીરી પુરી થયા પછી તેને ૧૦૦ સભ્યોની અમેરિકન સેનેટમાં રજુ કરાશે જ્યાં ટ્રમ્પની રિપબ્લીકન પાર્ટીની બહુમતી છે. ટ્રમ્પે ટ્વિટ કર્યુ હતું કે કટ્ટરપંથી ડાબેરીઓ કશું કરતા નથી. ડેમોક્રેટીક પાર્ટી નફરત કરનારી પાર્ટી બની ગઈ છે. જે આપણાં દેશ માટે ખરાબ છે મારી સામેનો મહાભિયોગ પ્રસ્તાવ એક છેતરપીંડી અને રાજકીય હેતુ પ્રેરિત છે.

ટ્રમ્પે આ અગાઉ મીડીયા હાઉસમાં કહ્યુ હતું કે મહાભિયોગ પ્રસ્તાવ એક છળકપટ છે. આ શરમજનક છે. જેની શરુઆત ઘણા સમય પહેલાં થઈ ચુકી છે. મે કશું ખોટું કર્યુ નથી. મહાભિયોગનો ખોટી રીતે ઉપયોગ કરવો એ ભયાનક છે. તેનો કટોકટી વખતે ઉપયોગ કરવો જોઈએ.આ બધું એક ફોન કોલ માટે થઈ રહ્યુ છે. ડેમોક્રેટસ લોકો



મહાભિયોગને મહત્વહીન બનાવી રહ્યા છે. ક્યારેક ડેમોક્રેટીક પક્ષની વ્યક્તિ પ્રમુખ બનશે અને રિપબ્લકીનો હાઉસમાં હશે ત્યારે રાજકીય લાભ માટે તેનો ખોટો દુરપયોગ કરશે.

# ગુજરાત સરકાર હેલમેટના કાયદાને ફરીથી લાગુ કરવા માટે તૈયાર

ગુજરાતના મહાપાલિકા વિસ્તારોમાંથી હેલ્મેટ ફરજીયાત ઉપયોગ રોકી દેવાયા બાદ સરકાર ટુંક સમયમાં ફરીથી તેને ફરજીયાત કરનાર છે. વાહન વ્યવહાર મંત્રી ફળદુએ રાજકોટ ખાતે યોજેલી એક પત્રકાર પરિષદમાં આ બાબતે જવાબ આપ્યો હતો.તેમણે કહ્યુ હતું કે હેલ્મેટ મામલે સુપ્રીમ કોર્ટે રોડ સેફટી કાઉન્સીલ રચવામાં આવી હતી અને તેના દ્વારા ગુજરાતના ચીફ સેક્ટરીને એક પત્ર પાઠવીને હેલ્મેટ યથાવત રાખવા માટે તાકીદ કરાઈ હતી.

આ અંગે કેબિનેટમાં ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે.તેમણે કહ્યુ હતું કે લોકો હેલ્મેટ પહેરવાની માનસિકતા કેળવે તે જરુરી છે. આમ કહીને તેઓ હેલ્મેટ ફરજીયાત બનશે એમ પોતાનો મત પ્રગટ કર્યોહતો. જો કે હેલ્મેટ પહેરવી જોઈએ જ જેથી અકસ્માતોમાં લોકોની જાન બચી શકે પરંતુ લોકોની માનસિકતા નથી.દંડની રકમ ઓછી કરવી જોઈએ.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

*યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ*

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

## કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**સુશાસન દિવસ**

**અટલજીને જન્મદિવસે વંદન....**





**રાજ્યમાં ૮ સ્થળોએ યોજેલા ખેડુત સંમેલન**

# ખેડુતોને ૩,૭૯૫ કરોડની સહાય પેકેજના વિતરણ સમારોહનો પ્રારંભ

# સુશાસન થકી જનકલ્યાણ માટે તત્પર રાજ્ય સરકાર

ભ્રષ્ટાચાર નિવારણ માટે ઐતિહાસિક નિર્ણયો : રાજ્યની તમામ ચેકપોસ્ટ નાબુદ કરી .જમીને એનએ કરવા ઓનલાઇન વ્યવસ્થા : લો રાઇઝ મકાનના નકશા મંજુરીની પ્રક્રિયા પણ ઓનલાઇન

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સામાન્ય અને મધ્યમ વર્ગના ૧..૧૦ લાખથી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે રૂ. ૩૭૫ કરોડથી વધુની સહાય

મહાનગરોમાં ટ્રાફિકને હળવો કરવા માટે ૭૫ જેટલા ફ્લાયઓવરનું થશે નિર્માણ : જે પૈકી અમદાવાદ-૭,સુતરત ૮ વડોદરા-૬ ભાવનગર ૧, અને જામનગર-૧ એમક ૨૩ ફ્લાયઓવરને સૈધ્ધાંતિક મંજુરી

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના કારણે જાન્યુઆરીથી ઓકટો.૨૦૧૯ સુધીમાં આઇઇએમના ભારતમાં કુલ મુડીરોકાણના ૫૧.૨૩ ટકા મુડી રોકાણ ફક્ત ગુજરાતમાં

સરકારે હિંમતપુર્વક નિર્ણય લઇ યુએલસીની ફાજલ જમીન તથા સુચિત સોસાયટીના ગરીબ અને મધ્યમવર્ગનાં પરિવારોના મકાનો નિયમિત કર્યા

મુખ્યમંત્રી મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજના હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના ૮૦ લાખ પરિવારોને આરોગ્યની સુરક્ષા પુરી પાડવા રૂ. ૨૭૫૮ કરોડથી વધુ સહાય.

પ્રવાસન વિકાસમાં વૈશ્વિક આકર્ષણો : સ્ટેચ્યુ ઓફ યુનીટી, નડાબેટ પાસે સીમા દર્શન, ગરવા ગિરનાર પર રોપ-વે, બાલાસિનોર પાસે ડાયનાસોર પાર્ક,દાંડી સત્યાગ્રહ મેમોરીયલ, રણ મહોત્સવ અને ગુજરાતની શાન-સિંહનું દર્શન

સરકારી નોકરીઓમાં ૨ લાખથી વધુ યુવાનોની પારદર્શક ભરતી : રોજગાર મેળાના માધ્યમથી ૧૫ લાખ યુવાનોને ખાનગી એકમોમાં રોજગાર-સ્વરોજગારની તક મળી

આદિજાતિ વિસ્તારોમાં છેલ્લા ૫ વર્ષોમાં રૂ. ૪૨,૫૧૬ કરોડના ખર્ચે સર્વાંગી વિકાસની અનેક યોજનાઓનો અમલ

પેસા એક્ટ હેઠળ ૫૦ જેટલા આદિજાતિ તાલુકાઓની ૨૫૪૮ ગ્રામપંચાયતો હેઠળની ૪૫૦૩ ગ્રામસભાઓને ગૌણ વનપેદાશો અને ગૌણ ખનિજો સહિતના વિકાસ માટેના નિર્ણયો સ્થાનિક કક્ષાએથી જ લેવા માટે વિશેષ અધિકાર

નવા એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો અને ઐતિહાસિક નિર્ણય : ૩ વર્ષ સુધી કોઇપણ પ્રકારની પરવાનગી મેળવવામાંથી મુક્તિ : ઉદ્યોગ શરૂ કરવાની અને ઉત્પાદન ચાલુ કરવાની છુટ

સૌની યોજના દ્વારા કચ્છ-સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ છલોછલ ભરાયા : સુજલામ-સુફલામ યોજનાથી ઉત્તર ગુજરાતના ૫૦૦થી તળાવોમાં પાણી લહેરાયા અને ઉકાઇ-કાકરાપાર જેવી યોજનાઓથી આદિજાતિ વિસ્તારોમાં પુરતા પાણી પહોચ્યા.

દરેકને ઘરનુ ઘર મળી રહે તે માટે શહેરોમાં બે લાખ અને ગ્રામીણ વિસ્તારોમાં અઢીલાખ થી વધુ આવાસો ગરીબ પરિવારોને સુપ્રત કરાયા

ભારતમાં સૌ પ્રથમવાર ગુજરાતમાં દરિયાના ખારા પાણીને મીઠુ કરવા માટે ૮ ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપસેઃ પ્રતિદિન ૨૫ કરોડ લીટર પાણી મીઠું થશે.

**સુશાસન વડે પ્રજાજનોની અપેક્ષા -આકંક્ષા પરિપુર્ણ કરવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે.**

**-શ્રી નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

# ભારત સરકાર બંધારણીય પ્રતિબધ્ધતાનું પાલન કરશે અને ધાર્મિક સ્વતંત્રતાનું સન્માન જાળવી રાખશે : અમેરિકાની સલાહ

ભારત સરકાર દ્વારા સંસદમાં નાગરિકતા કાયદો પસાર કરવામાં આવ્યા પછી દેશના પુર્વોત્તર રાજ્યો સહિત અનેક રાજ્યોમાં ભારે હિંસક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ત્યારે અમેરિકાએ ભારતને સલાહ આપી છે કે ભારત સરકાર બંધારણીય પ્રતિબધ્ધતાનું પાલન કરે અને ધાર્મિક સ્વતંત્રતાનું સન્માન કરે.અમેરિકાના કેટલાક રાજદ્વારીએ આ બાબતે ઘેરી ચિંતા વ્યક્ત કરી છે. લાર્જ ફોર ઈન્ટરનેશનલ રીલીજીયસ ફ્રીડમના રાજદુત સેમ બ્રાઉનબેકે જણાવ્યુ હતું કે બંધારણ એ ભારતની સૌથી મોટી તાકાત છે.એક લોકશાહી દેશ તરીકે અમે તેના બંધારણનું સન્માન કરીએ છીએ પણ નાગરિકતા કાયદાના અમલની અસરોથી અમે ચિંતિત છીએ.અમને આશા છે છે બારત એક જવાબદાર દેશ તરીકે ધાર્મિક સ્વતંત્રતાનું સન્માન જાળવશે.

ભારતના નાગરિકતા કાયદાને સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકારના પ્રવક્તા જેરેમી લોરેન્સે મુળભુત રીતે પક્ષપાતીભર્યો ગણાવ્યો હતો.તેઓ મુસ્લીમોને નાગરિકતા આપવામાં બાકાત રાખીને જાતિ અને ધર્મને આધારે ભેદભાવ રાખવામાં આવ્યો છે તેમ જીનીવા ખાતે તેમણે જણાવ્યુ હતું.

નાગરિકતા કાયદાના અમલ માટે ભારતમાં પુર્વના તેમજ અન્ય રાજયોમાં હિંસક દેખાવો ફાટી નીકળ્યા પછી અમેરિકા, ફ્રાંસ, બ્રિટન અને ઈઝરાયેલ દ્વારા તેમના નાગરિકોને ભારતમાં પ્રવાસ કરતાં પહેલાં સાવચેત કર્યા છે.અને ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. યુકે,અમેરિકા, ફ્રાંસ અને ઈઝરાયેલએ તેના નાગરિકોને કાશ્મીર,અને લડાખ તેમજ પુર્વના રાજ્યો આસામ,ત્રિપુરા અને મેઘાલય નહી જવા ચેતવણી આપી છે.

જો કે પુર્વના રાજ્યો ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ આ ચિનગારી ફેલાઈ ચુકી છે. વ્યાપક પ્રમાણમાં હિંસક ઘટનાઓને લઈને વિદેશી આવતાં પ્રવાસીઓને માટે મુંઝવણ ઉભી થઈ રહી છે.

# વૃધ્ધોની સારસંભાળ માટે કાયદો સુધારવાનું સરકારનું પગલુ આવકાર્ય છે પરંતુ તેની સ્થિતિમાં બદલાવ આવશે ખરો ?

કેન્દ્ર સરકારે તાજેતરમાં વૃધ્ધોની કાયદો સુધારવાનું પગલું લીધું.જો કે આપણે ગમે કે ના ગમે પરંતુ વૃધ્ધાવસ્થાનો સામનો કરવો કપરો છે. આખી જીંદગી અનેક કસોટીમાંથી સાંગોપાગ ઉતર્યા પછી જીવનના છેલ્લા તબક્કે વૃધ્ધાવસ્થા પચાવવી અઘરી છે. સમાજમાં એવા અનેક કિસ્સાઓ જોવા મળે છે અને જેમાં પુત્ર,પુત્રવધુઓ,પૌત્રો,દોહિત્ર અને દોહીત્રી તેમના વૃધ્ધ સ્વજનોની સારસંભાળ રાખવા મોઢા મચકોડે છે. સંતાનો મોટા થયા પથી જોબ માટે કે લગ્ન થવાથી કે પોતાનો ઘર સંસાર અલગ માંડવાથી માતા-પિતા કે સાસુ સસરા એકલા પડી જાય ચે. જેના પર જીવનનો આધાર રાખ્યો હોય તે જ સંતાનો જ્યારે વૃધ્ધાવસ્થા તરછોડે ત્યારે તેનો ઘા જીરવવો અઘરો હોય છે. તાજેતરમાં સરકારે આવા એકલવાયુ જીવન જીવતા અને જીવનના અંતિમ તબક્કામાં જ તરછોડીનો ચાલ્યા ગયેલા પુત્ર,પુત્રવધુ,જમાઈ,પૌત્રો, અને પૌત્રી તેમજ દોહીત્ર અને દોહિત્રી માટે વૃધ્ધોની સારસંભાળ લેવા માટેનો કાયદો વધુ કડક બનાવ્યો છે. હવે પુત્રવધુ,જમાઈ માતાપિતા કે સાસુ સસરાની સારસંભાળ લેવાની જવાબદારીમાંથી છટકી શકશે નહીં. વૃધ્ધોનું જીવન સુખમય બનાવવાની આ કવાયત આમ તો ઘણાં લાંબા સમયથી કરવામાં આવી રહી હતી. પણ તેમાં કંઈકને કંઈ ખામીઓ હતી. વૃધ્ધોની સંભાળ રાખવા માટે જવાબદાર લોકો એક યા બીજા બહાને તેમની જવાબદારીઓમાંથી છટકી જતા હતા. કેન્દ્રીય કેબિનેટ દ્વારા હવે માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ સુધારા અધિનિયમ૨૦૧૯માં મહત્વના સુધારા કરાયા છે. અને વૃધ્ધ સાસુ-સસરાની દેખભાળ રાખવા વહુ અને જમાઈને જવાબદાર ઠેરવતતી કડક જોગવાઈઓ કરાઈ છે. માસિક ભરણપોષણ ભથ્થા માટે રુ.૧૦,૦૦૦ની જોગવાઈ હટાવાઈ છે. કાયદાનું પાલન ન કરે તો ૬ મહિનાની જેલની સજા કરવાનો નિયમ બનાવાયો છે. જે માતાપિતાના સંતાનમાં ફક્ત પુત્રી જ હોય તેવા કિસ્સામાં પુત્રી ઉપરાંત જમાઈને પણ વૃધ્ધોની સંભાળ માટે જવાબદાર ગણવામાં આવ્યા છે.સરકાર દ્વારા કાયદો તો કડક બનાવાયો છે પણ તેનું યોગ્ય રીતે પાલન ન કરાય અને વૃધ્ધોને માનસિક તેમજ શારીરીક ત્રાસ અપાય તેવા કિસ્સામાં શું ? તેનો કોઈ જવાબ સરકાર પાસે નથી.જીવનના અતિંમ તબક્કામાં વૃધ્ધોને આર્થિક અને માનસિક હુંફની જરુર હોય છે. ફક્ત બે ટંક ભોજન આપીને સંતાનો જવાબદારીમાંથી છટકી શકે નહીં.તેમણે વૃધ્ધોને માનસિક આનંદ અને શાંતિ આપવી તે તેમની ફરજ છે. કેટલાક સંજોગોમાં વૃધ્ધોને સંતાનો દ્વારા એક યા બીજા કારણોસર માનસિક ત્રાસ આપવામાં આવે છે. અને અત્યાચાર ગુજારવામાં આવે છે. તેયારે માતાપિતા કે સાસુ સસરા સંતાનોની આબરુ અને પ્રતિષ્ઠા જાળવવા મુંગા મોઢે આવો ત્રાસ અને અત્યાચાર સહન કરવાનું પસંદ કરી લેતા હોય છે. સમાજનું આવું વરવું રુપ વૃધ્ધોને જીવનના અંતિમ તબક્કો ચુપચાપ વિતાવવા મજબુર હોય છે.સમાજમાં ગૌરવથી જીવતા દરેક લોકો વૃધ્ધોની માન મર્યાદા જાળવવાની જવાબદારીમાંથી છટકીને વૃધ્ધોની લાગણીઓ અને સંવેદનાઓ સાથે રમત રમવામાં આવે ત્યારે સમાજ મુંગા મોઢે તમાશો જોતો રહે તે લેશમાત્ર ચલાવી લેવાશે નહીં. સમાજના લોકોની પણ છેલબટાઉ સંતાનોને માતાપિતા કે સાસુ સસરા પ્રત્યે જવાબદાર બનાવવાની જવાબદારી છે. સરકાર તો કાયદાનું કડક પાલન કરીને તેની જવાબદારી પુર્ણ કરશે પણ તે પછી પણ હમ તો નહીં સુધરેગે ગાણું ગાતા સંતાનોના કામ આમળીને તેમની જવાબદારીનું ભાન કરાવવાનું કામ સમાજનું છે.જ્યાં સુધી લોકો પોતની નૈતિક જવાબદારી સમજીને માતાપિતા કે સાસુ સસરાની દેખભાળ નહીં કરે ત્યાં સુધી સરકાર કાયદાનું પાન કરાવીને પોતાની જવાબદારી નિભાવ્યાનો સંતોષ માનતી રહેશે અને વૃધ્ધો ફુટબોલની જેમ આમથી તેમ ફંગોળાયા રહેશે. (સૌ.ન.ગુ.સ.)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# દેશ મહામંદીની ગર્તામાં,ઇકોનોમી આઇસીયુમાં ડચકાં ખાઇ રહી છે : અરવિંદ સુબ્રમણ્યમ પુર્વ ચીફ ઇકોનોમિક એડવાઇઝર



ભારતના પુર્વ ચીફ ઈકોનોમીક એડવાઈઝર અરવિંદ સુબ્રમણ્યમએ મંદીમાં સપડાયેલા દેશના અર્થતંત્ર અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યુ હતું કે ભારત મહામંદી તરફ ધકેલાઈ રહ્યું છે. ઈકોનોમી આઈસીયુમાં ડચકાં ખાઈ રહી છે. તેમણે મહામંદીમાં ધકેલાતા અર્થતંત્ર અંગે ખરડાની ચેતવણી ઉચ્ચારી હતી. તેમણે કહ્યુ હતું કે ઈકોનોમીમાં ટ્વિન બેલેન્સશીટની (ટીબીએસ) ક્રાઈસીસ ખતરનાક સ્તરે વધી રહી છે.જેમાં ખાનગી કંપનીઓનું દેવું બેન્કોની એનપીએમાં ફેરવાઈ રહ્યું છે. ઈકોનોમી મંદીનો બીજો તબક્કો ગંભીર શરુ થઈ ગયો છે. જે મહામંદીમાં ધકેલાઈ રહ્યો છે.ભારત માટે આ મંદી સામાન્ય નથી મહામંદી છે. સુબ્રમણ્યમને તેમના તારણો હાવર્ડ યુનીવરસીટી સેન્ટર ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના પેપરમાં આ વિગતો દર્શાવી હતી

સુબ્રમણ્યમમે કહ્યુ હતું કે ટીબીએસ-૧નો પહેલો તબક્કો એ હતો જ્યારે બેન્કોએ સ્ટીલ,પાવર અનો ઈન્ફાસ્ટ્રકચર સોકટરનો રોકાણની તેજી વખતે આપેલી લોન શકમંદ થઈ ગઈ હતી. જ્યારે ટીબીએસ-૨નો બીજો તબક્કો નોટબંધી પછીનો હતો. જેમાં એનબીએફસી અને રીયલ એસ્ટેટ કંપનીઓ ફસાઈ હતી. ૨૦૧૭-૧૮માં રીઅલ એસ્ટેટને આપવામાં આવેલી રુ.૫,૦૦,૦૦૦ કરોડની બાકી લોનમાંથી અડધોઅડધ રકમ એનબીએફસી ની હતી. આર્થિક મંદી વચ્ચે દેશની આયાતમાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે.જ્યારે નિકાસો સતત ચોથા મહિને ઘટી છે. નવેમ્બરમાં ભારતની નિકાસ ૨૫.૯૮ અબજ ડોલર રહી હતી. આયાત નવેમ્બરમાં૧૨.૭૧ ટકા ઘટીને ૩૮.૧૧ અબજ ડોલર છે. ગયા નવેમ્બરમાં આયાતો ૪૩.૬૬ અબજ ડોલર હતી. આયાતમાં સતત છઠ્ઠા મહિને ઘટાડો થયો હતો.

ટીબીએસ-૧ અને ટીબીએસ-૨ બંનેને કારણે ઈકોનોમી પર માઠી અસર પડી હતી. અધુરામાં પુરુ વ્યાજના ઉંચા દરો તેમજ ધિરાણમાં ઘટાડાને કારણે ઈકોનોમી મંદીમાં ફસાઈ હતી. હાલની મંદી એટલા માટે ચિંતાજનક છે કે જીડીપી ગ્રોથ રેટ ઘટીને ૪.૫ ટકા થયો છે.રોકાણલક્ષી અને ગ્રાહકલક્ષી ચીજોનું ઉત્પાદન ઘટી રહ્યું છે. આયાત વધી રહી છે અને નિકાસ ઘટી રહી છે. પરિણામે અર્થતંત્ર ગંભીર માંદગીમાં પટકાયું છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.